# શિક્ષણ વિભાગ – ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો

ગુજરાત વિકાસશીલ રાજ્ય હોવાથી રાજ્ય દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણને રાજ્યના સર્વ સમાવેશી, કાયમી અને ઝડપી વિકાસ માટે પાયાની જરૂરિયાત તરીકે હંમેશા મહત્વપૂર્ણ માણ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2001થી 2014 સુધી રાજ્યનાં મુખ્યમંત્રી તરીકે શાળા શિક્ષણમાં નામાંકન વધારવા માટે, સમાવેશી શિક્ષણ માટે તેમજ ગુણવત્તા સુધારણા માટે અનેક અભૂતપૂર્વ સુધારાઓ હાથ ધર્યાં હતાં. રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, ગુણોત્સવ, માળખાગત સુવિધાઓનું અપગ્રેડેશન, શિક્ષક ભરતીની પારદર્શક પ્રક્રિયા અને શિક્ષકની બદલી વગેરે જેવી પહેલોએ રાજ્યમાં મજબૂત શાળા શિક્ષણ વ્યવસ્થાનો પાયો નાંખવામાં મદદ કરી હતી.

આ મજબૂત પાયાને આધારે, રાજ્ય સરકારે તાજેતરના ભૂતકાળમાં મહત્વાકાંક્ષી સુધારાઓનાં બીજા ચરણની શરૂઆત કરી છે, જેનો ઉદ્દેશ્ય સ્કૂલિંગને લર્નિંગમાં પરિવર્તિત કરવાનો છે. શાળા શિક્ષણ માટેની અંદાજપત્રીય ફાળવણીમાં નોંધપાત્ર વધારો કરવા ઉપરાંત, રાજ્ય સરકારે ઝડપ અને સ્કેલ સાથે અનેક નીતિગત સુધારાઓ અને પરિવર્તનકારી પહેલોની એક શ્રૃંખલા શરૂ કરી છે, જે ભારતના અન્ય રાજ્યો માટે અનુકરણીય અને પથપ્રદર્શક બની રહેશે.

ગુજરાતમાં હાલ શાળા શિક્ષણનો વ્યાપ નીચે મુજબ છે:

## રાજ્યની શૈક્ષણિક પ્રોફાઇલ


| | |
|---|---|
| કુલ જિલ્લાઓ | : 33 |
| કુલ શૈક્ષણિક બ્લોક્સ | : 254 |
| કુલ ક્લસ્ટર્સ | : 3,247 |
| કુલ શાળાઓ | : આશરે 54,000 |
| કુલ શિક્ષકો | : આશરે 4,00,000 |
| કુલ વિધાર્થીઓ | : આશરે 1.14 કરોડ |

## રાજ્ય સરકારના શાળા શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો:

### 1. વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)

**રાજ્યની શાળાઓનું રીઅલ-ટાઇમ ઓનલાઇન મોનિટરિંગ કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની સ્થાપના કરવામાં આવેલ છે.**

- રાજ્યની 54,000 જેટલી શાળાઓનાં આશરે 4 લાખ શિક્ષકો અને 1.15 કરોડ જેટલા વિધાર્થીઓના અસરકારક મોનિટરિંગ અને સપોર્ટ માટે તથા વિધાર્થીઓના લર્નિંગ આઉટકમના સતત સુધારણાના હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા **શિક્ષણ ક્ષેત્રનું દેશનું પહેલું વિધા સમીક્ષા કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે.**
- વિધા સમીક્ષા કેન્દ્ર એ શાળા શિક્ષણના તમામ ઈનીશીએટિવ્સના ટેક્નોલોજી-આધારીત મોનિટરીંગ માટે સંપૂર્ણ ડેટા-આધારીત રિયલ ટાઈમ ઓનલાઈન મોનિટરીંગ સેન્ટર છે.
- ડેટા આધારિત જરૂરી ઈનપુટ મળે તેમજ તેના આધારે રાજ્યના વિધાર્થીઓના લર્નિંગ આઉટકમમાં જરૂરી સુધારો થાય અને શિક્ષણ સફળતાનો ગ્રાફ ઉંચો આવે તે માટે વિધા સમિક્ષા કેન્દ્ર ખાતેથી કામગીરી કરવામાં આવે છે.
- આ **વિધા સમીક્ષા કેન્દ્રમાં શાળા શિક્ષણના તમામ ઈનીશીયેટિવ્સના ના દર વર્ષે લગભગ 500 કરોડ કરતાં વધારે ડેટા સેટનું** એકત્રીકરણ થાય છે. ત્યારબાદ વિધાર્થીઓનો ધોરણ-અનુરૂપ અભ્યાસનું પરિણામ વધારે સારું બને તે માટે બિગ ડેટા એનાલિટિક્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ ખૂબ મોટા ડેટાનું અર્થપૂર્ણ એનાલિસિસ કરવામાં આવે છે તથા School Education Dashboard દ્વારા રાજ્ય >જિલ્લો > બ્લોક > ક્લસ્ટર > શાળા> ધોરણ > વિષય > વિધાર્થી એમ સર્વસ્તરીય રીયલટાઇમ ઓનલાઇન મોનિંટરીગ કરવામાં આવે છે.
- **વિધા સમીક્ષા કેન્દ્ર શિક્ષણ ક્ષેત્રે દેશનું આ પ્રકારનું સર્વપ્રથમ અત્યાધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ સેન્ટર છે.**
- વિધા સમીક્ષા કેન્દ્ર દ્વારા **એટેન્ડન્સ, એસેસમેન્ટ, એક્રેડિટેશન અને એડમિનિસ્ટ્રેશન**નું રિયલ ટાઈમ ઓનલાઈન મોનીટરીંગ કરવામાં આવે છે.



**વિધા સમીક્ષા કેન્દ્રની રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાયેલી નોંધ**

- **માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ એપ્રિલ, 2022માં વિધા સમીક્ષા કેન્દ્રની મુલાકાત** લઈ અન્ય રાજ્યોને વિધા સમીક્ષા કેન્દ્ર જેવી વ્યવસ્થા શિક્ષણ માટે કરવાની ભલામણ કરેલ છે.
- **એપ્રિલ 2022માં વિધા સમીક્ષા કેન્દ્રને "Prime Minister's Award for Excellence in Public Administration, 2021" એનાયત કરવામાં આવ્યો છે.**
- **વર્લ્ડ બેંક દ્વારા વિધા સમીક્ષા કેન્દ્રને ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ** તરીકે જાહેર કરી અન્ય દેશોને આ કેન્દ્રની મુલાકાતે આમંત્રણ આપવામાં આવેલ છે.
- ધ ઓર્ગેનાઇઝેશન ફ્રોર ઈકોનોમિક કો-ઓપરેશન ઍન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા વિધા સમીક્ષા કેન્દ્ર પર કેસ સ્ટડી તૈયાર કરવામાં આવી રહ્યો છે જે OECDનાં સભ્ય દેશોને આપવામાં આવશે
- શિક્ષણ વિભાગ, ગુજરાત દ્વારા નેશનલ કોન્ફરન્સ ઓફ સ્કૂલ એજ્યુકેશન મિનિસ્ટર્સનું આયોજન જૂન,2022માં ગાંધીનગર ખાતે કરવામાં આવેલું. આ કોન્ફરન્સમાં ભારત સરકારના મા. શિક્ષણ મંત્રીશ્રી અને તમામ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓએ હાજરી આપી વિધા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધેલી હતી.
- USAનાં ટ્રેઝરી સેક્રેટરી શ્રી જેનેટ યેલેન અને વર્લ્ડ બેંક ગ્રુપના પ્રેસિડેન્ટ શ્રી અજય બંગાએ વિધા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધેલી હતી.
- ઓસ્ટ્રેલિયાનાં શિક્ષણ મંત્રીશ્રી જેસન ક્લેરએ વિધા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધેલી હતી.

## <u>વિધા સમીક્ષા કેન્દ્ર દ્વારા ડેટા આધારિત ટ્રાન્સફોર્મેટીવ ઈનીશીએટિવ્સ</u>

### 1.1 ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ

- ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા ધોરણ 1 થી 12 ના વિધાર્થીઓનું ટ્રેકિંગ કરવામાં આવે છે.
- ધોરણ - 1 માં નામાંકન સમયે દરેક વિધાર્થીને યુનિક ચાઇલ્ડ ID આપવામાં આવે છે
- તમામ વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ અને પ્રગતિનું સતત રીઅલ-ટાઇમ અપડેટ કરવામાં આવે છે.
- વિધાર્થીઓને લગતા તમામ મહત્વપૂર્ણ દસ્તાવેજોમાં ચાઇલ્ડ ID દર્શાવવામાં આવે છે
- આ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમને રાજ્યના આરોગ્ય વિભાગ સાથે જોડવામાં આવેલ છે.

### 1.2 પ્રવેશોત્સવ 2.0 – નામાંકનને સુધારવા અને ટ્રેક કરવા માટે ડેટા આધારિત

**અભિગમ**

- 2019 થી શિક્ષણ વિભાગની UDISE-આધારિત ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ સાથે આરોગ્ય વિભાગના ડેટાને એકીકૃત કરવાની ગુજરાતે પહેલ કરેલી છે.
- 2019 માં ધોરણ 1 માં પ્રવેશ માટે યોગ્ય ઉમર ધરાવતા બાળકોને ઓળખી અને તેમણે ધોરણ -1 મા પ્રવેશ આપવા માટે સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) ના બર્થ રેકોર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- સરકારી અને ખાનગી શાળાઓમાં મહત્તમ નોંધણી અને સમયસર ડેટા એન્ટ્રી સુનિશ્ચિત કરવા માટે વિધા સમીક્ષા કેન્દ્ર દ્વારા સઘન દેખરેખ અને ફોલોઅપ કરવામાં આવે છે.
- આ તમામ પ્રયત્નોના પરિણામે UDISE ડેટાબેઝના સમયસર અપ-ડેટેશનમાં અને નામાંકનમાં સુધારો થયો.

## 1.3 વિદ્યાર્થીઓ અને શિક્ષકોની દૈનિક ઓનલાઇન હાજરી

- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સફળતા હાંસલ કરવા અને તેમના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે નિયમિત હાજરી અનિવાર્ય છે. આ ધ્યેય હાંસલ કરવા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીને ટ્રેક કરવા માટે તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં 2018-19માં દૈનિક ઓનલાઇન હાજરી સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી.
- જૂન 2019 થી આ સિસ્ટમ રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં લાગુ કરવામાં આવી છે.
- હાલમાં રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓનાં આશરે 1.15 કરોડ વિદ્યાર્થીઓ અને  આશરે 3.92 લાખ જેટલા શિક્ષકોની દૈનિક ઓનલાઇન હાજરી દરરોજ વિધા સમીક્ષા કેન્દ્ર પર પ્રાપ્ત થાય છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં 80% કરતાં વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામા 28% જેટલો સુધારો નોંધાયો છે એટલેકે આશરે 14 લાખ બાળકો વધુ નિયમિત થયા છે.

## 1.4 ધોરણ 3 થી 12 માટે પીરિયોડિક એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી )

- રાજ્યના વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.
- આ માટે લર્નિંગ આઉટકમ આધારિત પીરિયોડિક એસેસમેન્ટ ટેસ્ટ એટલે કે એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. આ કસોટી નો અભિગમ લર્નિંગ આઉટકમની સિદ્ધિઓના આધારે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓનું સતત મૂલ્યાંકન કરવાનો માટેનો છે.

- એકમ કસોટી શિક્ષકોને પરિણામોના આધારે વિધાર્થીઓની ઉપચારાત્મક જરૂરિયાતો અને ઉપાયો કરવામાં મદદરૂપ બને છે.
- રાજ્યભરના 43 લાખથી વધુ વિધાર્થીઓ દર વર્ષે એકમ કસોટી આપી રહ્યા છે.

## 1.5 ધોરણ 3 થી 12 માટે સમેટીવ એસેસમેન્ટ ટેસ્ટ - સત્રાંત પરીક્ષાઓ

- ઑક્ટોબર 2018થી રાજ્યમાં કેન્દ્રીયકૃત સમેટિવ એક્ઝામિનેશન એટલે કે સત્રાંત પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે.
- આ પરીક્ષા દરેક સેમેસ્ટરના અંતે અર્ધવાર્ષિક રીતે ધોરણ 3 થી 12 માટે હાથ ધરવામાં આવે છે.
- તમામ વિધાર્થીઓ માટે તમામ વિષયોના માર્કસની કેન્દ્રીયકૃત પ્રશ્નવાર અને લર્નિંગ આઉટકમ પ્રમાણે ડેટા એન્ટ્રી કરવામાં આવે છે.
- દરેક પરીક્ષા દ્વારા પ્રાપ્ત થતાં લગભગ 50 કરોડ યુનિક ડેટાની એન્ટ્રી અને વિશ્લેષણ કરવામાં આવે છે.
- દરેક વિધાર્થીઓને દરેક પરીક્ષા માટે દરેક વિષય પ્રમાણે **સર્વગ્રાહી લર્નિંગ આઉટકમ આધારિત સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ** આપવામાં આવે છે. આ રિપોર્ટ કાર્ડ તેમને ઉપચારાત્મક જરૂરિયાતો અને G-Shala એપ્લિકેશન પર ઉપચારાત્મક સામગ્રીની લિંક આપે છે. **અત્યાર સુધીમાં લગભગ 55 કરોડ સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે અને વિધાર્થીઓને આપવામાં આવ્યા છે.**

## 1.6 ગુણોત્સવ 2.0 - સ્કૂલ એક્રેડીટેશન ફ્રેમવર્ક

- ગુણોત્સવ 2.0 એ શાળાકીય શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે સ્થાનિક પરિસ્થિતીઓ અને શ્રેષ્ઠ પધ્ધતિઓનો સમન્વય કરીને સરકારી શાળાઓને એક્રેડીટેશન આપવા માટેની સ્કૂલ એક્રેડિટેશન સિસ્ટમ છે.
- Gujarat Council of Educational Research & Training (GCERT) હેઠળ કાર્યરત Gujarat School Quality Accreditation Council (GSQAC) સ્કૂલ એક્રેડીટેશનની પ્રક્રિયા ગુણોત્સવ 2.0 અંતર્ગત કરે છે.
- GSQAC દ્વારા દર વર્ષે તમામ સરકારી પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ અને એક્રેડીટેશન કરવામાં આવે છે.
- તમામ સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ આવરી લેવામાં આવેલ છે.
- GSQACમાં એક્રેડિટેશન માટેના ધારા ધોરણો આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ માપદંડોને અપનાવીને વિકસાવવામાં આવેલ છે.

- અત્યાર સુધી આ એક્રેડિટેશનની પ્રક્રિયા 500થી વધુ સ્કૂલ ઇન્સ્પેક્ટર્સ દ્વારા સમગ્ર રાજ્યની શાળાઓમા વિવિધ માપદંડોના આધારે નિરીક્ષણ કરીને કરવામાં આવતી હતી. 2024-25થી મોટાભાગનું ગુણાંકન ફેસલેસ પધ્ધતીએ ડેટા આધારિત કરવામાં આવશે.
- **રાજ્યની તમામ સરકારી શાળાઓનું એક્રેડીટેશન કરનાર દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત છે.**
- સ્કૂલ એક્રેડીટેશનના 4 વાર્ષિક તબક્કા પૂર્ણ થયા છે અને તમામ શાળાઓને તેમના રિપોર્ટ કાર્ડ્સ આપવામાં આવ્યા છે.
- ગુણોત્સવ 2.0ના શાળા રિપોર્ટ કાર્ડ્સ શાળાઓને તેમની વાર્ષિક સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં મદદ કરે છે.

## 1.7 ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ

- તાજેતરના વર્ષોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ટેક્નોલોજીના ઉપયોગને પ્રાધાન્ય આપવામાં આવી રહેલ છે.
- કોવિડ-19 મહામારી દરમિયાન અને મહામારી ના સમયગાળા પછી, વિધાર્થીઓ ડિજિટલ લર્નિંગ દ્વારા શીખવા પર ભાર આપી રહ્યા છે.
- ટેક્નોલોજી દ્વારા શીખવા અને શીખવવા ની પ્રક્રિયા ને અગ્રતા આપવા ના હેતુ ને ધ્યાનમાં રાખી ને મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ દ્વારા ગુજરાતની સરકારી શાળાઓમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવામાં આવી રહ્યું છે.

### 'જ્ઞાનકુંજ'- સ્માર્ટ ક્લાસરૂમ

- જ્ઞાન કુંજ એ વર્ગખંડમાં કલાસરૂમ ઇન્ટરએક્ટીવીટી દ્વારા શીખવા અને શિખડાવવા માટે અને ટેક્નોલોજીના ઉપયોગ સાથે અધ્યાપન અને અધ્યયનને મજબુત બનાવવા માટેનો ક્લાસરૂમ ડિજીટલાઇઝેશન પ્રોગ્રામ છે.
- જ્ઞાન કુંજ અંતર્ગત ઇન્ટરેક્ટિવ પેનલ, લેપટોપ અને જી-શાળાથી સજ્જ સ્માર્ટ ક્લાસની સુવિધા આપવામાં આવે છે.
- રાજ્યભરની શાળાઓમાં 1,00,000 સ્માર્ટ ક્લાસરૂમ્સ કાર્યરત છે અને 50,000 નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ તૈયાર કરવામાં આવશે.
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત આવરી લેવામાં આવેલી તમામ 20,000 શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ્સ થી સજ્જ કરવામાં આવેલ છે.

### જી-શાલા એપ્લિકેશન - ડિજીટલ લર્નિંગ કન્ટેન્ટ

- G-SHALA (Gujarat Students' Holistic Adaptive Learning App) એ લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) થી સજ્જ ઈ-લર્નિંગ ઍપ્લિકેશન છે
- G-SHALAમાં ધોરણ 1 થી 12ના તમામ 100 વિષયો અને 1500 પ્રકરણો નો સમાવેશ કરવામાં આવ્યો છે
- ધોરણ 11-12માં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહો સહિત તમામ વિષયો માટે પાઠ્યપુસ્તકો આધારિત ડિજિટલ ઇન્ટરેક્ટિવ 2D/3D ઇ-કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે
- કોઇ પણ પ્લેટફોર્મ/ઉપકરણ પર ચાલી શકે તેવું ઇ-કન્ટેન્ટ અને રીઅલ-ટાઇમ LMS G-Shala પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે
- મૂલ્યાંકન માટે અધ્યયન નિષ્પત્તિ આધારિત વ્યાપક પ્રશ્ન બેંક ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે
- વિધાર્થીઓ માટે સ્વ-શિક્ષણ અને સ્વ-મૂલ્યાંકન મોડ્યુલ્સ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે
- અત્યાર સુધીમાં 30 લાખ વિધાર્થીઓએ આ એપ્લિકેશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે.
- વિધાર્થીઓના રિપોર્ટ કાર્ડ્સમાં અધ્યયન નિષ્પત્તિ આધારિત G-Shala કોન્ટેન્ટની લિંક્સ આપવા માં આવી છે જેથી બાળકો સરળતાથી G-Shala દ્વારા ઉપચારાત્મક શિક્ષણ લઇ શકે.

### QR Coded ટેક્સ્ટ બુક્સ

- વિધાર્થીઓ ટેક્સ્ટ બૂક દ્વારા ડિજિટલ કન્ટેન્ટ નો ઉપયોગ કરી શકે તે હેતુ થી દરેક વિષયના પાઠ્યપુસ્તકોમાં QR code આપવામાં આવેલા છે
- શૈક્ષણિક વર્ષ 2020-21થી રાજ્યના તમામ પાઠ્યપુસ્તકોને QR Code થી Energised કરવામાં આવ્યા છે. વિધાર્થીઓ અને શિક્ષકો શિક્ષણ મંત્રાલયના DIKSHA પ્લેટફોર્મ દ્વારા ઈ-કન્ટેન્ટનો ઉપયોગ કરી શકે છે
- **DIKSHA પ્લેટફોર્મ પર લગભગ 3.6 કરોડ ડાયરેક્ટ પ્લે સાથે જૂન 2020 થી ગુજરાત સમગ્ર દેશમાં સતત પ્રથમ ક્રમે છે.**

### ગુજરાત વર્ચ્યુંઅલ શાળા (શિક્ષણ વિભાગની યુ-ટ્યુબ ચેનલ)

- યુ-ટ્યુબ પર ગુજરાત વર્ચ્યુંઅલ શાળા (GVS) ચેનલ પર 5.25 લાખથી વધુ

સબ્સ્ક્રાઇબર્સ અને 9 કરોડથી વધુ વ્યુઝ છે.

## 1.8 સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ સોફ્ટવેર

- શાળાઓના મુખ્ય શિક્ષકો વિવિધ બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે જેમ કે પે-રોલ મેનેજમેન્ટ; શિક્ષકોની સર્વિસ બુકનું સંચાલન; શાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિગતો અપડેટ કરવી વગેરે.
- 2019-20માં મુખ્ય શિક્ષકોના બિન-શૈક્ષણિક કાર્યભારમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે પ્રાથમિક શાળાઓ માટે સ્કૂલ એડમિનિસ્ટ્રેટિવ સોફ્ટવેર (SAS) શરૂ કરવામાં આવેલ હતું.
- આ સોફ્ટવેરના ઉપયોગ દ્વારા મુખ્ય શિક્ષકો હવે શૈક્ષણિક કાર્ય માટે વધુ સમય ફાળવી શકે છે .
- દર મહિને નિવૃત્ત થતા શિક્ષકોની વિગતો આ સોફ્ટવેરમાં  અગાઉથી ઉપલબ્ધ હોય છે, તેથી પેન્શન ફાઇલો સમયસર બની શકે છે.
- દર મહિને રાજ્ય, જિલ્લા, બ્લોક, ક્લસ્ટર અને શાળા સ્તરે લગભગ 8 લાખ સરેરાશ લૉગ ઇન થાય છે.

## 1.9 CRC અને BRC માટે સ્કૂલ મોનિટરિંગ એપ્લિકેશન

- શાળા મુલાકાત દ્વારા શાળા, શિક્ષક અને વિધાર્થીઓના રીઅલ-ટાઇમ ડેટાને કેપ્ચર કરવા માટેની ફિલ્ડ લેવલના સ્ટાફના ઉપયોગ માટે એક સર્વગ્રાહી શાળા મોનિટરિંગ સિસ્ટમ – સ્કૂલ મોનીટરીંગ એપ્લિકેશન અમલમાં મૂકવામાં આવેલ છે.
- આ એપ્લિકેશન ક્લસ્ટર અને બ્લોક રિસોર્સ કોઓર્ડિનેટર (સીઆરસી અને બીઆરસી) દ્વારા કરવામાં આવતી  શાળાની મુલાકાતોની ગુણવત્તામાં સુધારો કરે છે અને શાળા સ્તર પર સમયસર મોનીટરીંગ અને સપોર્ટ કરવા માટે મદદ કરે છે, આ એપ્લિકેશન  પારદર્શિતાથી  કામગીરી કરવા માટે મદદરૂપ છે.
- એકેડમિક અને વહીવટી પ્રશ્નો માટે શાળા કક્ષાએથી ઉદ્ભવતા પ્રશ્નોના નિરાકરણ અને એકાઉન્ટેબીલિટી સુનિશ્ચિત કરવામાં મદદરૂપ બને છે.

## 2. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ


**લક્ષ્ય: રાજ્યનો દરેક વિદ્યાર્થી ધોરણ અનુસાર અધ્યયન નિષ્પત્તિઓ (Grade Appropriate Learning Outcome) પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવું.**

**આ લક્ષ્ય સિધ્ધ કરવા માટે ધોરણ દિઠ એક શિક્ષક અને ધોરણ દિઠ એક વર્ગખંડ ઉપલબ્ધ કરાવવા અત્યંત આવશ્યક છે. મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ આ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.**

**ચેલેન્જ (પડકાર):**


**A. ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વિગતો**

- રાજ્યનો દરેક વિદ્યાર્થી ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવામાં તથા સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેનો સૌથી મોટો પડકાર 60 કરતા ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી અને બે શિક્ષકો અને બે વર્ગખંડો સાથે ચાલતી હોય તેવી નાની શાળાઓ છે. **ગુજરાતની 53% શાળાઓમાં માત્ર 17% વિદ્યાર્થીઓ જ અભ્યાસ કરે છે.**




- **ઓપર્ચ્યુનિટી (અવસર): આ ચેલેન્જને ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા એક સકારાત્મક અભિગમ દ્વારા ઓપર્ચ્યુનિટીમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. ગુજરાતની 47% શાળાઓમાં લગભગ 83% વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,** તેથી જો મોટી 15,000 સરકારી પ્રાથમિક શાળાઓ અને 5,000 સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક

અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વિકાસ કરવામાં આવે તો 83%થી વધુ વિદ્યાર્થીઓ સીધા લાભાન્વિત થઇ શકે છે.




- **મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ તમામ 40,000 સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓને પર્યાપ્ત માળખાકીય સુવિધાઓ સાથે સુદ્રઢ કરવામાં આવશે** જે પૈકી 120કે તેથી વધુ નામાંકન ધરાવતી કુલ 20,000 સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓને વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પુરી પાડવામાં આવશે અને તેમને સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમા પરિવર્તિત કરવામાં આવશે. આ મિશન દ્વારા રાજ્યના તમામ વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા અને દરેક વિદ્યાર્થી ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા માટે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ પસંદ થયેલી 20,000 મોટી શાળાઓમાં ધોરણ દિઠ એક શિક્ષક અને ધોરણ દિઠ એક વર્ગખંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે **રૂ. 12,000 કરોડ**નું રોકાણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને **વર્લ્ડ બેંક** અને **એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)** તરફથી **1 બિલિયન યુએસ ડૉલર**નું ફંડીંગ મળ્યું છે.

## <u>સિવિલ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર</u>

- મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ હેઠળ હાલમાં મોટા પાયે સિવિલ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

1) સ્માર્ટ ક્લાસરૂમ્સ  - 1,05,000
2) કોમ્પ્યુટર લેબ્સ - 20,000 (દરેક લેબમાં 15 કોમ્પ્યુટર અને લેપટોપ આપવામાં આવેલ છે)
3) STEM લેબ્સ અને લર્નિંગ-બાય-ડુઇંગ લેબ્સ – 5,000
4) નવા વર્ગખંડો - 26,500
5) વર્ગખંડોનું સમારકામ અને અપગ્રેડેશન – 48,000

- આ ઉપરાંત મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ પાત્રતા ધરાવતી ગ્રાન્ટ-ઇન-એઇડ સ્કૂલ્સમાં પણ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવામાં આવ્યું છે.

**<u>મેનપાવર મેનેજમેન્ટ</u>**

- ધોરણ દિઠ એક શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.
- જ્યાં સુધી કાયમી શિક્ષકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે અને ધોરણ દિઠ એક શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય તે માટે નવી જ્ઞાન સહાયક પોલિસી અમલમાં મૂકવામાં આવી છે.
- રાજ્યની શાળાઓમા રમત ગમતને પ્રોત્સાહન મળે તથા આગામી વર્ષોમાં ગુજરાત રમત ગમત ક્ષેત્રે આગળ વધે તેવા હેતુથી મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ મોટી શાળાઓમા કરાર આધારિત ખેલ સહાયકની નિમણૂક કરવામાં આવેલ છે.

**<u>ટ્રાન્સપોર્ટેશન સેલ</u>**

- સ્કૂલ કોન્સોલિડેશનમા મદદરૂપ થાય તે માટે નજીકની શાળાથી એક કિલોમીટરથી વધુ દૂર રહેતા વિદ્યાર્થીઓને સરકાર દ્વારા પરિવહન સુવિધા આપવામાં આવે છે અને આ માટે દૂરના વિસ્તારોને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- પરિવહન માટેના તમામ વાહનોનું સુરક્ષા માટે વિહીકલ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા લાઇવ મોનીટરીંગ કરવામાં આવે છે.
- 2020-21 થી આ સુવિધા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને પણ આપવામાં આવે છે.
- હાલમાં આશરે 1.50 લાખ વિદ્યાર્થીઓ આ સુવિધાનો લાભ મેળવી રહ્યા છે.
- મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અંતર્ગત વધારાનાં 1.50 લાખ વિદ્યાર્થીઓને પરિવહન સુવિધાઓનો લાભ આપવામાં આવશે.
- આમ કુલ 3 લાખ જેટલા વિદ્યાર્થીઓને પરિવહન સુવિધાઓનો લાભ મેળવતા થશે.

## 3. <u>ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ માટે સામાજિક ભાગીદારી મોડલ્સ (શાળાઓ)</u>

રાજ્યભરની સરકારી શાળાઓમાં ભણતા તેજસ્વી વિ;ધાર્થીઓની ઓળખ કરી તેમને ધોરણ 6 થી 12 સુધી વિનામૂલ્યે શ્રેષ્ઠ ગુણવત્તાવાળું નિવાસી શિક્ષણ પૂરું પાડવાના વિઝન સાથે રાજ્યમાં શાળાકીય શિક્ષણ માટે સામાજિક ભાગીદારીના મોડલની શરૂઆત કરવામાં આવી છે. સામાજિક ભાગીદારીમાં 2 પ્રકારની શાળાઓ sharઉ કરવામાં આવી છે.

1. જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અને જ્ઞાન શક્તિ ટ્રાઈબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ
2. રક્ષા શક્તિ સ્કૂલ્સ

### <u>3.1 જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ</u>

### ગુજરાતમાં રેસિડેન્શિયલ સ્કૂલ્સની માંગ અને પ્રવેશ

- ગુજરાતમાં ઉપલબ્ધ જુદા જુદા પ્રકારની રેસિડેન્શિયલ સ્કૂલ્સ જેવી કે જવાહર નવોદય વિધાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ વગેરેમાં ધોરણ 6માં પ્રવેશ માટે દર વર્ષે આશરે 1.50 લાખ જેટલા વિધાર્થીઓ પ્રવેશ પરીક્ષા આપે છે.
- જેમાંથી માત્ર આશરે 5,000 થી પણ ઓછા વિધાર્થીઓને આ રેસિડેન્શિયલ સ્કૂલ્સમાં ધોરણ 6માં ઉપલબ્ધ સીટના આધારે પ્રવેશ મળે છે.
- આમ ગુજરાતમાં ગુણવત્તાયુક્ત રેસિડેન્શિયલ સ્કૂલ્સની ખૂબ મોટી વણસંતોષાયેલી માંગ રહેલી છે.
- આ વણસંતોષાયેલી માંગને પૂરી કરવા માટે જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સની સ્થાપના કરવામાં આવી રહી છે.

### <u>જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ</u>

**<u>Vision</u>**

- સમગ્ર રાજયના સરકારી શાળાના 1,00,000 પ્રતિભાશાળી વિધાર્થીઓ અને ખાસ આદિજાતી સમાજના 50,000 પ્રતિભાશાળી વિધાર્થીઓની ઓળખ કરવી અને તેમને નિવાસી સુવિધા સાથે ધોરણ 6 થી 12 સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું શિક્ષણ વિનામૂલ્યે પૂરું પાડવું.

- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અદ્યતન શૈક્ષણિક-માળખાકીય સુવિધાઓ, નિવાસી છાત્રાલય સુવિધાઓ, રમત-ગમતની સુવિધાઓ, કલા, હસ્તકલા અને વ્યવસાયિક / કૌશલ્ય માટેની તાલીમ પૂરી પાડવી.
- ખાનગી ક્ષેત્રની શ્રેષ્ઠ શાળાઓની તુલનામાં શ્રેષ્ઠ શિક્ષણ આપવું
- કારકિર્દી માર્ગદર્શન, અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે શ્રેષ્ઠ કોચિંગ સુવિધાઓ પૂરી પાડવી.

## શાળા સંચાલક સંસ્થાની મુખ્ય ભૂમિકા

- શાળા સંચાલક સંસ્થા દ્વારા ઓછામાં ઓછી 10 એકર જમીન તથા તે અંગેનું તમામ મૂડી રોકાણ કરવામાં આવે છે.
- ભૌતિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિક્સાવવા માટે જરૂરી તમામ મૂડી રોકાણ શાળા સંચાલક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- દરેક શાળા સંકુલ 2,000 વિદ્યાર્થીઓ માટેનું રાખવામાં આવ્યું છે.
- આ શાળાઓ માટે શાળા સંચાલક સંસ્થા દ્વારા રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ તથા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી શિક્ષક અભિરુચિ કસોટી (Teacher Aptitude Test – TAT)ના મેરિટમાં આવનાર શિક્ષકોની કરાર આધારિત ભરતી કરવામાં આવે છે.
- રાજ્ય સરકારની ઓપરેશનલ ગાઈડલાઇન્સ મુજબ આ શાળાઓનું સંચાલન કરવામાં આવે છે.

## શિક્ષણ વિભાગની મુખ્ય ભૂમિકા

- રાજ્ય સરકાર દ્વારા 50 જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અને 25 જ્ઞાન શક્તિ ટ્રાઈબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સને મંજૂરી આપવામાં આવેલ છે.
- **કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન** અને પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન: ધોરણ 1 થી 5માં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરેલ હોય અને ધોરણ 5નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ આ શાળામાં ધોરણ 6મા પ્રવેશ મેળવવા માટે પાત્ર બનશે અને તેમના માટે શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે ધોરણ 6માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) લેવામાં આવે છે.

- આ પરીક્ષાનાં મેરીટ દ્વારા દર વર્ષે જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલમાં ધોરણ 6માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.
- જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ અને જ્ઞાન શક્તિ ટ્રાઇબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સમાં સરકાર દ્વારા પ્રોજેક્ટ પાર્ટનરને પ્રત્યેક બાળક દીઠ સ્કૂલ વાઉચર દ્વારા રિકરીંગ ખર્ચ ચૂકવવામાં આવે છે.
- **આગામી 30 વર્ષમાં આશરે 7 લાખ જેટલાં તેજસ્વી વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.**

## 3.2 રક્ષા શક્તિ સ્કૂલ્સ

- રાજ્યનાં સરકારી અને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં 5,000 જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળ સૈનિક સ્કૂલ સોસાયટી દ્વારા ચાલતી સૈનિક શાળાઓના જેવુજ ધોરણ 6 થી 12 સુધીનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના મૂલ્યે પ્રદાન કરવા માટે “રક્ષા શક્તિ સ્કૂલ્સ” સ્થાપિત કરવામાં આવી રહી છે. જેમાંથી 2 શાળાઓ ખાસ કન્યાઓ માટેની છે.
- આ રક્ષાશક્તિ સ્કૂલ્સનો મુખ્ય હેતુ રાજ્યના વિદ્યાર્થીઓને દેશની સંરક્ષણ સેવાઓ, પેરા મિલીટરી સેવાઓ, પોલીસ સેવાઓ, ઇન્ટરનલ સિક્યોરીટી, ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરીટી, ઇન્વેસ્ટિગેશન, ફોરેન્સિક સાયન્સ વેગેરે જેવી ખાસ સેવાઓ માટે તૈયાર કરવાનો છે
- આ શાળાઓ સામાજિક ભાગીદારીમાં શરૂ કરવામાં આયવેલ છે અને આ શાળાઓના અભ્યાસક્રમ માટે તથા સંચાલન માટે રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટી સાથે ભાગીદારી કરવામાં આવેલ છે.
- આ શાળાઓમા સ્પોર્ટ્સ, NCC વગેરે પર ખાસ ભાર મૂકવામાં આવશે. સંરક્ષણ સેવાઓ માટેની NDA જેવી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની ખાસ તૈયારી કરાવવામાં આવશે.

## શાળા સંચાલક સંસ્થાની મુખ્ય ભૂમિકા

- શાળા સંચાલક સંસ્થા દ્વારા જરૂરી જમીન અને અત્યાધુનિક સિવિલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, (શાળાનું મકાન અને રહેઠાણની સુવિધા), મેસ સુવિધા, ઇન્ડોર અને આઉટડોર રમતગમત અને જરૂરી સંરક્ષણ તાલીમ સુવિધાઓ સૈનિક શાળાઓ માટે આદર્શ, વિવિધલક્ષી પ્રવૃત્તિ ખંડ, ઓડિટોરિયમ અને સ્માર્ટ ક્લાસરૂમ જેવા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડવામાં આવે છે.

- દરેક શાળા સંકુલમાં 500 જેટલા વિદ્યાર્થીઓ રહી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ શાળા સંચાલક સંસ્થા દ્વારા તમામ શિક્ષકો તેમજ સપોર્ટ સ્ટાફની કરાર આધારિત ભરતી ખાસ આ શાળાઓ માટે જ કરવામાં આવે છે.
- શિક્ષકોના ઉચ્ચ કામગીરી પ્રદર્શન માટે શાળા સંચાલક સંસ્થા દ્વારા તેમને સઘન તાલીમ, મોનિટરીંગ અને પ્રોત્સાહન મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**શિક્ષણ વિભાગની મુખ્ય ભૂમિકા**

- શિક્ષણ વિભાગ સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન કરશે.
- ધોરણ 1 થી 5 ની સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ/ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ધો. 5 ના અંતે અરજી કરવા પાત્ર રહેશે.
- ખાનગી શાળાના વિદ્યાર્થીઓ કુલ ક્ષમતાના 25%થી વધુ નહીં તેટલા વિદ્યાર્થીઓ મેરીટના આધારે પ્રવેશપાત્ર થશે.
- શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે ધોરણ 6માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) લેવામાં આવે છે આ CETના મેરીટલિસ્ટ આધારિત દરેક શાળામાં આશરે 70 વિદ્યાર્થીઓને મેરિટના આધારે ધોરણ 6 માં પ્રવેશ આપવામાં આવે છે અને આ વિદ્યાર્થીઓને મેરીટ આધારિત પોતાની પસંદગીની શાળા ફાળવવામાં આવે છે. કુમાર-કન્યાનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવામાં આવે છે.
- શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે, બાળક દીઠ સ્કૂલ  વાઉચર  દ્વારા રીકરીંગ ખર્ચ ચૂકવવામાં આવે છે.
- આગામી 30 વર્ષમાં આશરે 21,000 વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

## 4. વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહન યોજનાઓ

શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે નીચે મુજબની સ્કોલરશીપ અને આર્થિક સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

1. મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના
2. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના
3. નમો લક્ષ્મી યોજના
4. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

## 4.1 મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના

- રાજ્યની સરકારી અથવા અનુદાનિત શાળાઓમાં ધો.1થી 5માં અભ્યાસ કરી ધોરણ 5 નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા 2,00,000 પ્રતિભાશાળી  વિધાર્થીઓ માટે વિવિધ શાળાઓમાં ધોરણ 6 થી 12માં અભ્યાસ કરવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવેલ છે.
- તેજસ્વી વિધાર્થીઓ અને વાલીઓને ધોરણ 6  થી 12 સુધીના અભ્યાસ માટે શાળા શિક્ષણ માટે વધુ પસંદગી અને વિકલ્પો આપવા તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.
- સરકારી અથવા અનુદાનિત શાળામાંથી ધોરણ 5 પૂર્ણ કરેલ વિધાર્થીઓ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ દ્વારા દર વર્ષે 30,000 લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.
- એમ્પેનલમેન્ટની લાયકાત મેળવવા માટે અનુદાનિત અને ખાનગી સેલ્ફ-ફાઇનાન્સ શાળાઓને તેમના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શાળાનાં પરિણામમાં સુધારો કરવા માટે પ્રોત્સાહિત થાય છે.
- રાજ્યની સરકારી અથવા અનુદાનિત શાળાઓમાં ધો.1થી 5માં અભ્યાસ કરી ધોરણ 5 નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા 2,00,000 પ્રતિભાશાળી  વિધાર્થીઓ માટે વિવિધ શાળાઓમાં ધોરણ 6 થી 12માં અભ્યાસ કરવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાઆ યોજનાનો અમલ વર્ષ 2023-24થી કરવામાં આવેલ છે.
- દર વર્ષે 30,000 તેજસ્વી વિધાર્થીઓને ધોરણ 6ના અભ્યાસ માટે  જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ માટે આ માટેની પરીક્ષાના મેરીટ દ્વારા પસંદ કરવામાં આવી રહેલ છે.
- વિધાર્થીને તેમણે ધોરણ 6 અને આગળના અભ્યાસ માટે તેમણે પ્રવેશ લીધેલ શાળા મુજબ મળવાપાત્ર સ્કોલરશીપની રકમ

| **અભ્યાસનું ધોરણ** | **જો વિધાર્થી ખાનગી શાળામાં પ્રવેશ મેળવે તો મળવાપાત્ર સ્કોલરશીપની રકમ** | **જો વિધાર્થી સરકારી અથવા અનુદાનિત શાળામાં પ્રવેશ મેળવે તો મફત શિક્ષણ ઉપરાંત મળવાપાત્ર સ્કોલરશીપની રકમ** | **જો વિધાર્થી સરકારી અથવા અનુદાનિત શાળામાં પ્રવેશ મેળવે તો શાળાને મળવાપાત્ર સહાયની રકમ** |
|---|---|---|---|
| 6 થી 8 | ₹ 20,000 | ₹ 5,000 | ₹ 2,000 |
| 9 અને 10 | ₹ 22,000 | ₹ 6,000 | ₹ 3,000 |
| 11 અને 12 | ₹ 25,000 | ₹ 7,000 | ₹ 4,000 |

- આ સ્કોલરશીપની રકમ Direct Benefit Transfer દ્વારા વર્ષમાં બે વખત (કુલ રકમના 50% મુજબ) સીધીજ વાલીના ખાતામાં જમા કરવામાં આવે છે.
- દરેક સત્રમાં સ્કોલરશીપ મેળવવા માટે અગાઉના સત્રમાં વિધાર્થિની 80% હાજરી હોવી અનિવાર્ય છે.
- **7 વર્ષમાં કુલ લાભાર્થીઓની સંખ્યા 2,00,000 પર પહોંચશે અને આગામી 30 વર્ષમાં 9 લાખ જેટલા તેજસ્વી વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.**
- સરકારના ધારાધોરણ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે દરેક કેટેગરીમાં લાભાર્થી સંખ્યાના 50% લાભાર્થી કન્યાઓ છે.
- આ યોજના માટે માટે શિક્ષણ વિભાગ દ્વારા તમામ સરકારી શાળાઓ તથા છેલ્લા 5માંથી 3 વર્ષમાં ધોરણ 10નું 80% કરતાં વધુ પરિણામ ધરાવતી કોઈપણ બોર્ડ સાથે સંલગ્ન ખાનગી અને અનુદાનિત શાળાઓને એમ્પેનલ કરવામાં આવે છે.
- આ એમ્પેનલ થયેલ શાળાઓની યાદી દર વર્ષે પરિણામો અને અન્ય માપદંડોને આધારે અધતન કરવામાં આવશે. આમ યાદીમાંથી બાકાત રહી ગયેલ શાળાઓ યાદીમાં સ્થાન મેળવવા માટે વધુ સારું પરિણામ લાવવા પ્રયત્નો કરશે અને તેથી શિક્ષણનું સ્તર વધુ સારું થશે.

## 4.2 મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના

- રાજ્યની સરકારી શાળાઓમાં અથવા RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં ધો.1થી 8માં અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા 1,00,000 પ્રતિભાશાળી  વિધાર્થીઓ માટે સરકારી, અનુદાનિત કે ખાનગી શાળાઓમાં ધોરણ 9 થી 12માં અભ્યાસ કરવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
- આર્થિક રીતે પછાત અને વંચિત વિધાર્થીઓ અને વાલીઓને ધોરણ 9 થી 12 સુધીના અભ્યાસ માટે શાળા શિક્ષણ માટે વધુ પસંદગી અને વિકલ્પો આપવા તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.
- ધોરણ 8ના વિધાર્થીઓ માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ ટેસ્ટ દ્વારા દર વર્ષે 25,000 લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.
- એમ્પેનલમેન્ટની લાયકાત મેળવવા માટે ખાનગી સેલ્ફ-ફાઇનાન્સ શાળાઓને તેમના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શાળાનાં પરિણામમાં સુધારો કરવા માટે  પ્રોત્સાહિત કરવામાં આવે છે.

- રાજ્યની સરકારી શાળાઓમાં અથવા RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં ધો.1થી 8માં અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા 1,00,000 પ્રતિભાશાળી વિધાર્થીઓ માટે સરકારી, અનુદાનિત કે ખાનગી શાળાઓમાં ધોરણ 9 થી 12માં અભ્યાસ કરવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનો અમલ વર્ષ 2023-24થી કરવામાં આવેલ છે.

- દર વર્ષે 25,000 તેજસ્વી વિધાર્થીઓને ધોરણ 9ના અભ્યાસ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટે જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ ટેસ્ટના મેરીટ દ્વારા પસંદ કરવામાં આવે છે.
- **4 વર્ષમાં કુલ લાભાર્થીઓની સંખ્યા 1,00,000 પર પહોંચશે. અને આગામી 30 વર્ષમાં 7.5 લાખ જેટલા તેજસ્વી વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.**
- અન્ય તમામ વિગતો મુખ્યમંત્રી જ્ઞાન સેતુ સ્કોલરશીપ યોજના મુજબ જ રહેશે.
- વિધાર્થીને તેમણે ધોરણ 9 અને આગળના અભ્યાસ માટે તેમણે પ્રવેશ લીધેલ શાળા મુજબ મળવાપાત્ર સ્કોલરશીપની રકમ નીચે મુજબ છે

| **અભ્યાસનું ધોરણ** | **જો વિધાર્થી ખાનગી શાળામાં પ્રવેશ મેળવે તો મળવાપાત્ર સ્કોલરશીપની રકમ** | **જો વિધાર્થી સરકારી અથવા અનુદાનિત શાળામાં પ્રવેશ મેળવે તો મફત શિક્ષણ ઉપરાંત મળવાપાત્ર સ્કોલરશીપની રકમ** | **જો વિધાર્થી સરકારી અથવા અનુદાનિત શાળામાં પ્રવેશ મેળવે તો શાળાને મળવાપાત્ર સહાયની રકમ** |
|---|---|---|---|
| 9 અને 10 | ₹ 22,000 | ₹ 6,000 | ₹ 3,000 |
| 11 અને 12 | ₹ 25,000 | ₹ 7,000 | ₹ 4,000 |

## <u>4.3 કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (CET)</u>

- દર વર્ષે નીચેની યોજનાઓના લાભાર્થીઓ નક્કી કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (CET) નું આયોજન કરવામાં આવે છે.

1. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ તથા મોડલ સ્કૂલ્સમાં ધોરણ 6 માં પ્રવેશ માટે
2. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ

- સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ 1 થી 5 નો અભ્યાસ પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) આપી શકે છે .
- સ્વનિર્ભર / ખાનગી શાળાઓના ધોરણ 5 નો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ ફક્ત રક્ષાશક્તિ સ્કુલ્સ (25 % બેઠકોની મર્યાદામાં) અને મોડેલ સ્કુલ્સના ધોરણ 6માં પ્રવેશ માટે આ કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (CET) આપી શકે છે.
- માર્ચ 2024 માં લેવાયેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ કુલ 5,34,615 વિદ્યાર્થીઓએ આપેલી જે પૈકી 18,987 શાળાઓમાંથી 76,044 વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં 50% કરતાં વધુ માર્કસ મેળવી મેરીટ માટે ક્વોલિફાય થયા છે. જે પૈકી અગ્રતાના ધોરણે તેમણે આપેલ પસંદગી પ્રમાણે જુદી જુદી યોજનાઓના મેરિટલિસ્ટમાં તેમનો સમાવેશ થઈ શકે છે.

## 4.4 જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા

- રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ મેરીટના ધોરણે સરકારી / ગ્રાન્ટેડ / સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ 9માં પ્રવેશ મેળવી ધોરણ 12 સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજ્યના 25,000 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પસંદ કરવા માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવે છે .
- સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 8 નો સળંગ અભ્યાસ કરી ધોરણ 8માં અભ્યાસ કરતા હોય કે ઉતીર્ણ થયેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ અથવા આરટીઈ એકટ 2009ની કલમ 12 (1) (C) ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ 8માં અભ્યાસ કરતા હોય કે ઉતીર્ણ થયેલ હોય અને જેઓના વાલીની આવક જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા વખતે આરટીઈ એકટ 2009ની કલમ 12 (1) (C) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે.
- માર્ચ 2024 માં કુલ 4,46,698 વિદ્યાર્થીઓએ જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા આપેલી જે પૈકી 9,997 શાળાઓમાંથી 30,387 વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં 50% કરતાં વધુ માર્કસ મેળવી મેરીટ માટે ક્વોલિફાય થયા છે. તેમનો અગ્રતાના ધોરણે મેરિટમાં સમાવેશ કરવામાં આવશે.

## 4.5 નમો લક્ષ્મી યોજના

- રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે તથા રાજ્યની સરકારી, અનુદાનિત અને ખાનગી(ગુજરાત બોર્ડ અને CBSE) શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ ધોરણ

9 થી 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી કન્યાઓ માટે નમો લક્ષ્મી યોજના વર્ષ 2024-25 થી અમલમાં મૂકવામાં આવેલ છે.

- આ યોજના અંતર્ગત અંદાજિત 10 થી 11 લાખ કન્યાઓને ધોરણ 9 થી 12નો અભ્યાસ કરવા માટે નમો લક્ષ્મી યોજનાનો લાભ દર વર્ષે મળશે.
- રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને નીચે મુજબની પાત્રતાને આધીન આ સહાય મળવાપાત્ર રહેશે.
    a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ 8નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ 9માં પ્રવેશ મેળવેલ હોય, અથવા
    b) રાજ્યની માન્ય ખાનગી પ્રાથમિક શાળામાં RTE અંતર્ગત પ્રવેશ મેળવી ધોરણ 1 થી 8નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ 9માં પ્રવેશ મેળવેલ હોય, અથવા
    c) ઉપર (a) અને (b) સિવાયની જે વિદ્યાર્થિનીઓએ ધોરણ 8 પૂર્ણ કર્યા બાદ ધોરણ 9માં પ્રવેશ મેળવેલ હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ.6 લાખ કે તેથી ઓછી હોય.
- મળવાપાત્ર સહાય: ધોરણ 9 થી 12નો અભ્યાસ કરવા માટે નમો લક્ષ્મી યોજના હેઠળ આવરી લેવામાં આવેલ પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થિનીને ધોરણ 9 થી 12નો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ રૂ. 50,000/- સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે.
- દર વર્ષે વિદ્યાર્થિની દીઠ મળવાપાત્ર સ્કોલરશીપની રકમ:

| ધોરણ | પ્રતિ વર્ષ 10 મહિના માટે માસિક DBT રકમ રૂ. | બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રકમ રૂ. | વિદ્યાર્થિની દીઠ કુલ રકમ રૂ. |
|---|---|---|---|
| 9 | 500 x 10 = 5,000 | | 20,000 |
| 10 | 500 x 10 = 5,000 | 10,000 | |
| 11 | 750 x 10 = 7,500 | | 30,000 |
| 12 | 750 x 10 = 7,500 | 15,000 | |
| **કુલ રકમ** | **25,000** | **25,000** | **50,000** |

આ યોજના અંતર્ગત દર મહિને આશરે ₹66 કરોડ DBT દ્વારા ચૂકવવામાં આવે છે. વર્ષ 2024-25માં અંદાજીત ₹ 1250 કરોડ સહાય પેટે DBT દ્વારા ચૂકવવામાં આવશે

- નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સહાય યોજનાના સુચારુ સંચાલન માટે એક અલગ "નમો લક્ષ્મી" પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થિનીને સરકારની અન્ય કોઇ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

## 4.6 નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

- મહત્તમ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ લેવા માટે પ્રોત્સાહિત કરવા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ 11 અને 12માં વિજ્ઞાન પ્રવાહ લેનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત આશરે 2 થી 2.50 લાખ વિદ્યાર્થીઓને દર વર્ષે લાભ મળશે.
- લાભાર્થીની પાત્રતા: જે વિદ્યાર્થીઓ ધોરણ 10ની બોર્ડ પરીક્ષામાં 50% કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર રહેશે.
    a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ 9 અને 10માં અભ્યાસ કર્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ, અથવા
    b) માન્ય સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ 9 અને 10 પૈકી બંને કે કોઇ એક ધોરણનો અભ્યાસ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6 લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ.
    - મળવાપાત્ર સહાય: આ યોજના હેઠળ ધોરણ 11 અને 12 (વિજ્ઞાન પ્રવાહ) નો અભ્યાસ પૂર્ણ કર્યેથી પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થિનીને કુલ રૂ. 25,000/- સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે.
    - દર વર્ષે દરેક વિદ્યાર્થીને મળવાપાત્ર સ્કોલરશીપની રકમ

| **ધોરણ** | **પ્રતિ વર્ષ 10 મહિના માટે માસિક DBT રકમ રૂ.** | **બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રકમ રૂ.** | **વિદ્યાર્થી દીઠ કુલ રકમ રૂ.** |
|---|---|---|---|
| 11 | 1000 x 10 = 10,000 | | |
| 12 | 1000 x 10 = 10,000 | 5,000 | 25,000 |
| **કુલ રકમ** | **20,000** | **5,000** | **25,000** |

આ યોજના અંતર્ગત દર મહિને આશરે ₹19 કરોડ DBT દ્વારા ચૂકવવામાં આવશે વર્ષ 2024-25 માટે ₹ 250 કરોડની સહાય DBT દ્વારા ચૂકવવામાં આવશે.

- નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સ્કૉલરશિપ યોજનાના સુચારુ સંચાલન માટે "નમો સરસ્વતી" પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે.
- પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓને સ્કૉલરશિપની ચુકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા DBTથી વિદ્યાર્થીની માતાના બૅન્ક ખાતામાં (માતા હયાત ન હોય તો સીધા વિદ્યાર્થીના બેન્ક ખાતામાં ) જમા કરવામાં આવશે.
- શૈક્ષણિક વર્ષ 22023-24 માં ધોરણ 11 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ 2024-25માં ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ ચાલુ રાખે તો તેઓને પણ પાત્રતાના આધારે આ સ્કૉલરશિપ ચૂકવવામાં આવશે.

વિદ્યાર્થીને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

----------x----------x----------x----------x----------x----------x----------x----------